॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય




પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી


વર્ષ - ૪૦ (ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર) માનદ્ તંત્રી : મિનિષ પટેલ

VOL - 40, 2024-25 ISSUE-II Published on Every 3 Months


'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

















॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ऋतम्भरा) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
# બહુજનહિતાય-બહુજનસુખાય

## નવરાત્રીમાં, આરોગ્યનાં નૌ રહસ્યો તો જાણીએ !

-યોગભિક્ષુ

નવલી નવરાત્રી આવી. શા માટે? નવા થવા માટે અને નવ (નૌ) ચક્રો જગાડીને નૌ શક્તિ - નવી શક્તિ પ્રાપ્ત કરવા માટે; નવ-નવાં રહસ્યોના ઉદ્‌ઘાટન માટે.

છાપામાં એક સરસ કાર્ટૂન આવ્યું હતું, પ્લાસ્ટિકના જવારાનું. નીચે લખ્યું હતું : 'તૈયાર જવારા, કદી કરમાય નહિ તેવા અને વળી બીજા વરસે પણ કામ લાગે તેવા!'

વગર મહેતને કે ઓછી મહેનતે વધુ લાભ મળતો હોય તો આપણને ખૂબ ગમે. પણ "મહેતન વિના કાંઈ મળતું નથી" એ સૂત્રને જેટલી વાર ભૂલી જઈએ છીએ તેટલી વાર થપ્પડ ખાઈએ છીએ. પણ અત્યારે અહીં એ વાત ચર્ચવી નથી, અત્યારે તો થોડું પિષ્ટપેષણ જવારાનું અને નવરાત્રીના રહસ્યનું કરીશું.

જવારા રોજે વિકાસ પામતા જાય અને તેને જોઈને આપણું મન હરખાતું જાય. આપણે અબીલ, ગુલાલ, કંકુ, નાગલા વિ.થી તેની પૂજા કરીએ, તેને નવરાત્રિ પૂરી થયે પાણીમાં પધરાવી દઈએ. પણ આટલા માત્રથી જ જવારાનો સાચો લાભ ન મળે. તેનો સાચો લાભ લેવા માટે તો તેનો રસ પીવો જોઈએ. કમસે કમ બાર માસમાં આ નવ દિવસ તો ભાજીઓનો-કાચી ભાજીઓનો રસ પીવો જોઈએ. આપણે માત્ર જવારા વાવીને ઇતિશ્રી કરી બેઠા ત્યારે સાચા શોધકોએ જવારાના રસના સાચા અને પૂરા લાભ કેમ લેવા તે માટે ઝીણામાં ઝીણી વિગતો ભરીને પુસ્તકો સમાજના ચરણે ધરી દીધાં અને તોય આપણે તો જવારા ઉગાડતા જ રહ્યા અને કદાચ એક કદમ આગે બઢવું (?) હશે તો પ્લાસ્ટિકના જવારાથી પણ ચલાવીશું! આપણે તો ફક્ત સૂર્યાય-ચંદ્રાય નમઃ કરતા રહ્યા અને તરભાણામાંથી પાણીના થોડા છાંટા ઉડાડતા રહ્યા, ત્યારે જનારા તો ઠેઠ ત્યાં પહોંચી, ત્યાંથી ધૂળ-માટી લઈ આવ્યા!

અનેક છિદ્રોવાળો માટીનો ગરબો ઘરમાં પધરાવ્યો અને માથે લઈને ઘૂમ્યાં. બસ! આથી વધુ કાંઈ સમજવાનો પ્રયત્ન કર્યો? ગરબામાં દીવો મૂક્યો છે. દીવાની જ્યોતનો પ્રકાશપુંજ ગરબાનાં અનંત છિદ્રો દ્વારા બહાર રેલાઈ રહ્યો છે. આ માટીનો ગરબો આપણા શરીર-ગરબાનું પ્રતીક છે. આપણું શરીર પણ માટીનું છે, તેમાં અનેક રોમછિદ્રો છે. પ્રાણની-આત્માની-આરોગ્યની જ્યોતનાં તેજ કિરણો રોમછિદ્રો દ્વારા બહાર રેલાઈ રહ્યાં છે? પૂર્ણપણે નથી રેલાતાં. કેમકે ખોટા

॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥

આહાર-વિહાર દ્વારા તમામ રોમકૂપો ગંદકીથી, વિજાતીય દ્રવ્યથી ભરી દીધા છે. તે તમામ છિદ્રોને સાફ કરવા માટે - આરોગ્યની સંપૂર્ણ જ્યોત પ્રગટાવવા માટે - રોમ કૂપોને પુનર્વવા કરવા માટે, પરિશુદ્ધ કરવા માટે નૌ દિવસ ભાજીઓના રસ પીને ઉપવાસ કરવાના છે. માતાજી પાસે, શક્તિની પાસે, આરોગ્યની પાસે વાસ કરવાનો છે. આ રીતે આરોગ્યદેવીને પ્રસન્ન કરવાની છે. જો આ નવ દિવસ સાચો આહાર-વિહાર રાખીશું તો આરોગ્ય-શક્તિ જાગશે અને મેલેરિયાના ચુંડ-મુંડ ભાગશે.

નવરાત્રીના નવ દિવસોમાં આરોગ્યશક્તિને જગાડી લઈશું અને શરીરઘટનાં સર્વ છિદ્રો પરિશુદ્ધ કરી દઈશું, તો તેમાંથી આરોગ્યની એવી લહેરખીઓ ઊઠશે કે આવતી નવરાત્રી સુધી પણ સુખશાંતિ રહેશે. નવરાત્રીમાં જે ઘટશુદ્ધિ કરી છે તેને નિર્દોષ અને પવિત્ર આહાર-વિહાર રાખીને ખૂબ સાચવવી પડશે. તેને સાચવવા માટે, સોનું પહેરવું નહિ પણ તે ખાવું પડશે. એટલે કે આરોગ્યપ્રદ ચીજ ખાઈશું નહિ અને સોનાના દાગીના પહેર્યે રાખીશું તો તો તેથી કાંઈ ફાયદો નહિ થાય.

નવરાત્રીમાં રાત્રે ઓમ્‌રૂપી આદ્યશક્તિના જે પવિત્ર સાત્ત્વિક ગુણાનુવાદ ગાયા હોય, કલાક-બે કલાક માટે, તેને યાદ કરતાં-કરતાં સૂઈ જવાનું છે. જીવમાત્રમાં રહેલી પરમ ચૈતન્યશક્તિ જ અંબા-ભવાની છે. જો શરીરમાંથી ચૈતન્યશક્તિ ચાલી જાય તો પછી કોઈ નથી ગરબા ગાનાર રહેવાનું કે નથી ગરબા ગવડાવનાર રહેવાનું; નથી કોઈ ગરબો બનાવનાર રહેવાનું કે નથી કોઈ ગરબામાં ઘી-તેલ પૂરનાર રહેવાનું. જે કાંઈ છે તે બધી આત્મશક્તિની લીલા છે. શક્તિના નિમિત્તે નવ દિવસ આત્મશક્તિની ઉપાસના કરીને આરોગ્ય સુધારી લેવાનું. નવરાત્રી એ આરોગ્ય સુધારવાનું સામૂહિક પર્વ છે. ચોમાસાની ગંદકીના કારણે વાતાવરણ ભયંકર દૂષિત થયેલું હોય છે તે ઘરે-ઘરે ગરબામાં થતા ઘીના દીપક દ્વારા તથા નવમે દિવસે થતા હોમ-હવન દ્વારા સુધરી જાય છે.

માતાજીના ભક્તો નૌ દિવસ સૂરણ ખાઈને ઉપવાસ કરે છે. આ રીતે મોહમાયાના કુ-રણને, તપ-ત્યાગના સુ-રણમાં ફેરવી નાખવાનો સંકેત છે. કુ-રણને સુ-રણમાં ફેરવવા માટે સ્વાદજિત થવું પડે. સ્વાદ માટે જીભને છૂટી મૂકી દઈશું, જીભને લાંબી જ થવા દઈશું, સ્વાદ માટે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ત્યાગી દઈશું, તો છેવટે લાંબી જીભવાળી મહાકાળીનાં જ દર્શન થવાનાં છે. અર્થાત્ મહાબીમારી અને મહામારીનાં જ દર્શન થવાનાં છે. શુખશાંતિ અને આરોગ્યરૂપી અંબાનાં દર્શન કરવા માટે સૂરણના શાક ઉપર નૌ દિવસ રહીને સ્વાદજિત થવાની તાલીમ લેવાની છે.

નૌરાત્રીમાં ઓછામાં ઓછાં, આરોગ્ય-પ્રાપ્તિનાં નૌ રહસ્યો તો જાણીને તેનો લાભ લેવો જોઈએ. પણ દેખાદેખી, કૂદાકૂદી અને ભયંકર ભૂંગળાંઓની ભૂંગળ ફૂંકવામાંથી નવરા પડીએ ત્યારેને!

ચૈતન્ય-શક્તિ જ માતા, પિતા અને સર્વસ્વ છે તે રહસ્ય જાણીને, સમાધાન પ્રાપ્ત કરીને સુખી થઈએ અને અન્યોને સુખી કરીએ. જય આત્મશક્તિની.

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

# ૧૦૮ કુંડી - ગાયત્રી મારુતિ યજ્ઞ સ્થળ, કાંકરિયાનું આધ્યાત્મિક મહત્ત્વ

**-ગુરુ પ્રેમી**

૧૦૮ કુંડી ગાયત્રી – મારુતી યજ્ઞ સ્થળ, કાંકરિયા બે વાર નક્કી થવા પાછળનું એક જ કારણ હતું કે, પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ શ્રી યોગભીક્ષુજી મહારાજનું નિવાસ સ્થાન મણિનગરમાં છે, એટલે પૂજ્ય શ્રીના નિવાસ સ્થાન નજીકમાં યજ્ઞ થાય તો બધાને તેઓ શ્રીની ઉર્જાનો વધુ લાભ મળે.

કાંકરિયા સ્થળનું આધ્યાત્મિક મહત્વ ઘણા વર્ષોથી છે. બસ્સો વર્ષ પહેલાં શ્રી સ્વામીનારાયણ ભગવાને કાંકરિયા ખાતે બ્રહ્મ ચોર્યાસી કરી હતી. મહાન સંતોએ આ સ્થળે જીવતે જીવ ભૂમિ સમાધીના પ્રયોગો કર્યા હતા. જાણીતા ભવિષ્યવેતા શ્રી દેવાયત પંડિતની ભવિષ્યવાણીમાં કલ્કી અવતાર વિષે લખેલ છે કે, કાંકરિયા સ્થળે કલ્કી નારાયણ આવશે, અને દાનવો ની સામે યુદ્ધ કરશે. તેમની સેના કાંકરિયા પડાવ નાંખશે. આવા ઘણા સંકેતો કાંકરિયા સાથે જોડાયેલા છે. અને કેટલાક એવા રહસ્યો હશે કે, જેની આપણને ખબર નહીં હોય.

પુણ્ય ભૂમિ કાંકરિયા ખાતે બે વાર ૧૦૮ કુંડી ગાયત્રી – મારુતિ યજ્ઞ થયા. તે કોઈ મહાન સંકેત હશે. તે તો પૂ.ગુરુદેવ જ જાણે. ગુરુકૃપા જ કેવલમ.

# સંસ્મરણો

**-ગુરુ પ્રેમી**

## ● પૂ. ગુરુદેવ શ્રી ના ત્રણે ભિક્ષુજી (ત્રિદેવ) નો સહવાસ ●

મારા પિતાશ્રી ખુબ જ પરોપકારી અને અન્યાય સામે એકલા હાથે લડનારા – આખાબોલા હતા. બધા તેમને એક તરફ ગામ અને બીજી તરફ (ફરસુ રામ) રામ કહે. કારણ કે હાથ માં સદૈવ ફરસી રાખતાં. તેમના ત્રણે ભાઈ પણ એવાં જ. તેમાં નાના ભાઈ લક્ષ્મણ સમાન. પુરુ જીવન લક્ષ્મણની જેમ ''રામ'' ની સેવા કરી. ગામ ના વિકાસ માટે નજીવા દરે પિતાજીએ તેમની કિંમતી જમીન ઔધોગિક વસાહત માટે અર્પણ કરી હતી.

પિતા જાહેર જીવન માં હોવાથી અમારા ગામ ના ઘરે આજ થી ૫૪ વર્ષ પહેલાં રાજા-મહારાજા, દેશના જાણીતા સંતો અને આગેવાનો આવતા-જતા રહેતા. પણ અમો કોઈને નમસ્તે કરતાં નહોતા. નાનપણ માં ખૂબ જ તોફાની, ના સમજ. કોઈ સામે જુએ તો પણ તેનું આવી બને. વાતવાતમાં લડાઈ થઈ જાય, સામે ભલે સો જણ નું ટોળું હોય. ગમે તે ચમરબંધી કે હોદ્દાધારી હોય તો તેનું આવી બને. આવી આડોડાઈ ને સકારાત્મક પ્રવૃત્તિ તરફ વાળવા માટે પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગીરાજ શ્રી યોગભિક્ષુજી મહારાજ શ્રી નો હું ઋણી છું. તેઓ પાસે ''કર્મ'' ની થિયરી સમજ્યો. એટલે દુઃખ અને સુખ એક જ સમાન લાગે છે.

પૂજ્ય શ્રી ગુરુદેવ ના સહવાસ માં આવ્યા બાદ પૂજ્ય ગુરુજી ના નવરત્ન જેવા સ્વર્ગસ્થ શ્રી કનુભાઈ પંડયા સાથે અમો ઘણીવાર તેમની બુલેટ મોટર સાઈકલ

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

પર સ્વ.વિનુભાઈ શાહ (ગુરુપ્રેમ ભિક્ષુજી)નાં ઘરે જતાં. તેઓ ઘણા જ્ઞાની અને ગુરુજીમય હતા. તે સમય ના મોટા ધનિકો તેમની સલાહ મેળવી ને ધંધા રોજગાર અને સામાજીક કાર્યો માટે આગળ વધતા.

એક દિવસે સ્વ.શ્રી વિનુભાઈ ને અમે પૂછ્યું કે, "મારું ભવિષ્ય" બતાવો ને ? સ્વ.વિનુભાઈ એ કહ્યું કે, પૂજ્ય ગુરુજી જ્યાં હોય ત્યાંના આટલા કિ.મી. ના એરીયા માં જ્યોતિષ જોવાનું બંધ કર્યું છે. તેમને સ્વમુખે પૂજ્ય ગુરુજી ની પ્રથમ મુલાકાત માં જ્યોતિષ જોવાની ચેષ્ઠા કર્યા બાદ, બધુ ખોટું પડવા લાગતા તેઓએ પૂજ્ય શ્રી ગુરુજી ની માફી માંગી લેતા નિર્ણય કર્યો કે, પૂજ્ય શ્રી ની હાજરી માં આટલા કિ.મી. ના રડાર માં કોઈનું જ્યોતિષ જોવું નહિં. સ્વ. વિનુભાઈ શાહ ની છઠ્ઠી ઈન્દ્રિય જાગૃત હતી. તે ઘણા સરળ, નમ્ર અને વિવેકી હતા. સાચા અર્થ માં તેઓ ગુરુપ્રેમી હતા. તેમની ઉપસ્થિતિ ની ખોટ આજે વર્તાય છે. અમે ત્રણે સાથે બેસીને ખુબ જ આધ્યાત્મિક ચર્ચા કરતાં.

ગળતેશ્વર ચાર્તુમાસ માં પૂજ્ય શ્રી ગુરુજી ના સાનિધ્ય માં શ્રી રોહિતભાઈ બાપાલાલ સુખડીયા (ગુરુધ્યાન ભિક્ષુજી) નો ઘણો સહવાસ રહ્યો. તેઓ અલૌકિક ધ્યાન યોગી હતા. ક્યારે પણ અમો એ તેમને સામાન્ય વાત સિવાય બોલતા જોયા નહોતા. મોટા ભાગે મૌન જ હોય. રાત્રે ગળતેશ્વર આવવા માટે વાહન ના મળે તો ઉઘાડા પગે ચાર-પાંચ કિ.મી. ચાલીને પૂજ્ય ગુરુજી ની સેવા માં પહોંચી જાય.

આજે શ્રી રોહિતભાઈ એ દેહ ત્યાગે વર્ષો થઈ ગયા. તેમની પાવન સ્મૃતિરુપ જેવા તેમના સમગ્ર વિશાળ પરિવારે ઓમ પરિવાર ને સ્વર્ગસ્થ ની ખોટ વર્તાવા દીધી નથી.

પરમપૂજ્ય ગુરુજી ની તબિયત અસ્વસ્થ હોય, ત્યારે તેઓ મોટે ભાગે ર્ડા.શ્રી સોમાભાઈ પટેલ (સદગુરુ સમર્પણ ભિક્ષુ) ના નિવાસ સ્થાને હોય. તેઓ અને તેમના ભાઈ કાન્તીભાઈ પટેલ ૨૪ કલાક પૂ.ગુરુજી ની સેવા માં હોય. તેમનું વિશાળ સમગ્ર પરિવાર ગુરુમય બનીને સમર્પીત થઈ ને સેવા આપતાં.

પૂજ્ય ગુરુજી, લગભગ ૯૧-૯૨ માં ર્ડા.સોમાભાઈ ના નિવાસ સ્થાને હતા. ત્યારે મારા વિવાહ ની વાત ર્ડાકટર સાહેબ ના ઘરે જ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી જ નક્કી થઈ હતી. જોગાનું જોગ મારી દિકરી ના લગ્ન ની વાત પણ પૂ.ગુરુજી ના નિવાસ સ્થાને તેઓશ્રી ના આશીર્વાદ થી નક્કી થઈ.

પરમપૂજ્ય ગુરુદેવ શ્રી એ જે દિવસે દેહ ત્યાગ કર્યો, ત્યારે તેમના નિવાસ સ્થાને ગુરુજી ના દેહ ના પગ પાસે ર્ડા.સોમાભાઈ ના ધર્મપત્ની શ્રીમતી નિરુબા (સાચા અર્થમાં તેઓ ગુપ્ત ભિક્ષુ છે.) ઉભા હતા. સ્થાનીક કાર્ડિયોલોજીસ્ટ ર્ડાકટર, ગુરુજી ના રુમ માં હતાં. ર્ડા.સોમાભાઈ પટેલ બેઠક રુમમાં મને જોઈ ને રડવા લાગ્યા. તેમના વહેતાં આસુંઓ ને અમોએ રોક્યા. હું માનવા જ તૈયાર નહોતો કે, ગુરુજી એ દેહ ત્યાગ કર્યો. ઉપસ્થિત કાર્ડિયોલોજીસ્ટ ર્ડાકટર થી લઈ ને બધા મોટા યોગી સંતો અને ર્ડાકટરો ને ફોન કર્યા કે, ગુરુજી ને પરત લાવવા શું કરવું જોઈએ ? બધાએ મને નિરાશ કર્યો.

પૂજ્ય ગુરુજી ના દેહ ત્યાગ પછી ર્ડા.સોમાભાઈ ના ચહેરા સામે મારા થી જોવાતું નહોતું. તેમના મુખ પર ભારોભાર વેદના છલકાતી હતી. અમોએ મન માં નક્કી કર્યું કે, અઠવાડિયા માં એકવાર ર્ડાકટર સાહેબ ને મળવા જવું જ, પણ જઈ શકાતું નહીં. નિયતી ને કદાચ મંજુર નહોતું.

અમરિકા થી ર્ડા.શ્રી સોમાભાઈ ના ભાઈ ર્ડા.કાન્તીભાઈ નો જ્યારે કોલ આવ્યો ત્યારે ખબર પડી કે, શ્રી સોમાભાઈ એપોલો ICU માં સઘન સારવાર હેઠળ છે. મારી તબિયત પણ તે દિવસો માં અસ્વસ્થ

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

હતી. મન મક્કમ કરીને હોસ્પિટલ માં ગયો. તેમના પુત્ર જીગરભાઈ અને સમગ્ર ઓમ પરિવાર ના સ્વજનો ત્યાં ઉપસ્થિત હતા. તે રાત્રીના મોડા સુધી ડૉકટરો સાથે છેલ્લા માં છેલ્લી તબીબી સારવાર ની માહિતી મેળવી. ડૉકટર સાહેબ સ્વસ્થ થઈ જશે, તેવી આશા મન માં હતી.

રાત્રે માંડ માંડ ઊંઘ આવી. અને સ્વપ્ન માં સંકેત મળ્યો. મન માનવા તૈયાર નહોતું. પૂજ્ય ગુરુજી ના દેહ ત્યાગ નો તેમને ખુબ જ વસવસો થઈ રહ્યો હતો. "જીદંગીભર ગુરુજી ના શરીરના રુંવાડા-રુંવાડા ની કાળજી લેનાર ને મનમાં વલોપાત થઈ રહ્યો હતો કે", બધા ને સાજા રાખનારો, હું ગુરુજી ને સાજા ન રાખી શક્યો. ડૉ.સદગુરુ સમર્પણ ભિક્ષુજી એ દેહત્યાગ કરીને મોક્ષધામમાં પૂ.ગુરુજી ની સાથે નિવાસ કર્યો.

કદાચ પૂજ્ય ગુરુદેવ ના દેહ ત્યાગ ના દિવસે ડૉ.સોમાભાઈ ના વહેતા અશ્રુઓ રોક્યા ના હોત તો સારું થાત? દર અઠવાડિયે મળતા રહ્યા હોત તો ? તેવા આવા અસંખ્ય પ્રશ્નો ની પીડા આજે થઈ રહી છે કે, પૂજ્ય ગુરુદેવ શ્રી ના દેહ ત્યાગ ને કે ડૉ.સોમાભાઈ ના દેહત્યાગ ને રોકી ના શક્યા.

ડૉ.સોમાભાઈ, તબીબ તરીકે દર્દી ને તેઓ દવા વગર હસાવી ને સાજા કરી દેતા. તેઓએ ક્યારેય પણ પૈસા માટે પ્રેકટીસ કરી નહોતી. તેઓ દર્દીઓને સમર્પીત હતા. લાખોમાંથી કદાચ એક આવા તબીબ હશે. ડૉ.સોમાભાઈ ના "શિસ્તબધ્ધ મુખ ના શરીરના હૃદયમાં મૃદુ માખણ જેવું નમ્રતા ભરેલું હૃદય ધબકતું હતું." બાળક જેવા નિર્દોષ હતા. તેમની ખોટ આજે વર્તાય છે.

ડૉકટર સાહેબના ધર્મ પત્ની નીરુબા, ડૉ.કાન્તીભાઈ પટેલ અને તેમનું સમગ્ર વિશાળ પરિવાર, આજે ઓમ પરિવાર ના તમામ કાર્યક્રમો જે ઉત્સાહ થી કરી રહ્યા છે, તે જોતા ડૉકટર સાહેબ ની ખોટ સાલતી નથી.

આજે ઓમ પરિવાર ને ગુરુ રત્ન જેવા સ્વ.શ્રી નૈષધભાઈ વ્યાસ ની ખોટ વર્તાય છે. પણ તે ખોટ શ્રી ભાવેશભાઈ રાવલ પૂર્ણ કરી રહ્યા છે.

ઓમ પરિવાર ના ત્રણેય ભિક્ષુજીઓ આજે પૂ.ગુરુદેવશ્રી ની સાથે મોક્ષધામમાં નિવાસ કરીને આપણ ને બધા ને આશીર્વાદ આપી રહ્યા છે. શ્રી દમાભાઈ પટેલ, શ્રી દેવુભાઈ પટેલ, શ્રી શશીકાન્તભાઈ પટેલ, શ્રી મીનીષભાઈ પટેલ જેવા અસંખ્ય ગુરુરત્નો ને કારણે ત્રણે ભિક્ષુઓની ખોટ લાગતી નથી. (અપૂર્ણ)

## ● દિવ્ય અનુભવ અને મહાનુભાવોને મળેલા આશીર્વાદ ●

તેઓ દેશ ના મહાનાયક થશે, તેમ આજ થી ૩૯ વર્ષ પહેલાં જાણીતા મેગેઝીન માં લખાયું હતું. સળગતા વિષય પર કવર પેજ લેખ નું આલેખન થયેલ. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી એ મારા આગ્રહ થી તેમને અને બીજા અન્ય મહાનુભાવ ને તા.૨૮ ઓક્ટોબર – ૨૦૨૨ ના આશીર્વાદ સ્વરુપ શાલ-પુસ્તક-પત્ર વિગેરે પહોંચાડવા માટે પૂજ્ય ગુરુદેવે મને અનુમતી સ્વરુપ આશીર્વાદ આપ્યા.

૧ નવેમ્બર ૨૦૨૨ ના રોજ બીજા મહાનુભાવ ને પૂજ્ય શ્રી ના આશીર્વાદ સ્વરુપ પવિત્ર શાલ-પુસ્તકો વિગેરે અપાઈ ગયું. અમો ઘણાં સમય સુધી તેમની પાસે બેઠા. અમો બંન્ને ભાવ-વિભોર હતા. પૂજ્ય શ્રી ના આશીર્વાદ સ્વરુપ શાલ-પુસ્તકો અને અન્ય પવિત્ર વસ્તુઓના અર્પણ બાદ, તેઓ શ્રી ની સઘન સારવાર બાદ બિમાર પત્ની ધીમે-ધીમે સાજા થવા લાગ્યા.

તેઓ શ્રી અબજોપતિ હોવાથી મેડીકલ સ્ટાફ

રાખીને જાતે જ તેમના પત્ની ની સેવા કરી શકતા હતા!! આજે કળિયુગ માં કોઈ પતિદેવ આવી સેવા કરી ના શકે. તેવી સેવા તેઓ જાતે ૧૮ કલાક સુધી કરતાં હતા. બંન્ને પતિ-પત્ની સાત્વિક, ધાર્મિક અને છપ્પનની છાતીવાળા, એક તરફ તેઓ અને બીજી તરફ રાજસત્તા!! અન્ય મહાનુભાવ ની અતિ વ્યસ્તતા અને અમારા કમ્યુનિકેશન ના અભાવે માર્ચ-૨૦૨૪ માં પૂ.ગુરુદેવ ના દેહત્યાગ બાદ આશીર્વાદ પહોંચ્યા.

તે પુસ્તકોનું પેકિંગ ડૉ.સદગુરુ સમર્પણ ભિક્ષુજીએ સ્વયં કરેલ. અર્પણ વિધિ ના સમય ના થયેલ વિલંબ ની પાછળ મહાન યોગીરાજ શ્રી એ આજ સમય નિર્ધારીત કરેલ હશે.

મારા વ્યવસાય ની જવાબદારીઓ વચ્ચે મહાન યોગીરાજ શ્રી ની પ્રેરણા થી ઘણા બધાં સાત્વિક અને ધાર્મિક કાર્યો માટે દોડા-દોડી કરી રહ્યો હતો. આ દોડા-દોડીમાં પૂજ્ય શ્રી ગુરુદેવ શ્રી ના દેહત્યાગ ની વેદના ઓછી કરવાનો એક પ્રયાસ હતો.

કોરોના ના સમય માં ૮૦૦ દિવસ સુધી સતત સેવા પ્રવૃત્તિ માં જોડાયેલા રહ્યા. "નક્કી કર્યું હતું કે જે છે તે બધું સ્વર્ગસ્થ માતા-પિતા નું છે." તે બધું જ અર્પણ કરી દેવું. ફરી આપણે રહીએ કે ના રહીએ, પુણ્ય નું ભાથુ બાંધી લઈએ.

૮૦૦ દિવસ ની દોડા-દોડી માં મહાન યોગીરાજ ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી કોરોના થી મારી રક્ષા કરતાં રહ્યા. પૂજ્ય ગુરુદેવ શ્રી ની દેહત્યાગ ની વેદના ભૂલવા માટે મારી શક્તિઓ ધાર્મિક અને સામાજીક કાર્યો માં લગાડી. તેમાં એપ્રિલ ૨૦૨૩ ના નવ રાષ્ટ્ર નિર્માણ જેવા વિરાટ કાર્ય માં સેવા આપીને મોડી રાત્રે ઘરે પરત આવ્યો અને પછી હાથ-પગ દુખવા લાગ્યા. સવારે બધા ટેસ્ટ નોર્મલ આવ્યા. છેલ્લે કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો. લક્ષણ માત્ર હાથ-પગ દુખવાના જ હતા.

ડૉકટરો એ કહ્યું હતું કે આ કોરોનાના લક્ષણ નોર્મલ છે. ત્રણ-ચાર દિવસ ઘરે રહેજો. હવે તો કોરોના જતો રહ્યો છે. પણ અમોએ પંદર દિવસ નો કોરોનાનો પ્રોટોકલ પૂરો કર્યો.

કોરોના ના આગમન સમયે બીજા રાજ્ય માં ભણવા ગયેલ પુત્ર અને ઘરે પુત્રી ને કોરોના થઈ ચૂક્યો હતો. કોરોના પ્રોટોકલ નું પાલન કરતાં એક મોડી રાત્રે મન માં દુઃખી થતાં વિચારતો હતો કે, છેવટે મને કોરોના થઈને જ રહ્યો ! !

પૂજ્ય ગુરુદેવ શ્રી ના દેહ ની હયાતી માં તેઓ શ્રી એ મને કોઈપણ રોગ નો સ્પર્શ થવા દીધો નહોતો. આમ મનોમંથન કરતાં મોડી રાત્રે સુઈ ગયો. તે દિવસે સવાર ના ૪ થી ૫ નો સમય હશે. મારા સુતેલા શરીર પર લેસર ના કિરણો જેવી તેમની નજર મારા સમગ્ર શરીર પર ફરી હતી. તેમની તે આંખો ની ઉર્જાને હું કોઈ દિવસ ભૂલી નહીં શકું. તેઓને ઓળખવામાં વિલંબ થઈ રહ્યો હતો. હું અચેત ની જેમ પડ્યો પડ્યો જોઈ રહ્યો હતો. હું તેમને ઓળખું તે પહેલાં તો તેઓ અદ્રશ્ય થઈ ગયા. ઉઠ્યો ત્યારે સ્મૃતિ આવી કે તેઓ ગાયત્રી પરિવાર ના સ્થાપક યુગ ઋષિ શ્રી રામ શર્મા આચાર્ય હતા.

પૂજ્ય શ્રી ગુરુદેવ ના દેહ ની હયાતીમાં તેમના દર્શન - આશીર્વાદ મેળવી શકાયા નહોતા. ફેસબુક ની એક પોસ્ટ માં તેમના સુવાક્યો યાદ આવ્યા કે, "અરે, તુ ચિન્તા મત કર કી ગુરુદેવ મર ગયે, ઔર હમે કૌન દેખેગા !! બેટા, તું ચિન્તા મત કર, હમ તેરે પાસ સ્વંય પહુંચ જાયેગેં. તેરી નિગરાની કરેગેં, રક્ષા કરેગે, સ્વસ્થ રખેગેં, તેરે કો પ્રગતિ કે રાસ્તે પર બઢાતે રહેગેં, હમારા સુક્ષ્મ

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

શરીર, સ્થુલ શરીર સે જ્યાદા એક મીનીટ મેં બીસ હજાર માઈલ ચલેગાં. હમારા સુક્ષ્મ શરીર તેરે લીયે જ્યાદા કામ કરેગાં."

મને પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી ના શબ્દો યાદ આવ્યા કે, "આપણે અનંત જન્મોથી – લોહી થી ગાયત્રી મંત્ર સાથે વણાયેલા છીએ, બંધાયેલા છીએ. "માટે બીજા કોઈ તંત્ર-મંત્ર ના પ્રયોગો કરીને બંધન માં ફસાવવા ના બદલે ગાયત્રી મંત્ર જ કરો." તે જ શ્રેષ્ઠ છે. મોક્ષ આપનાર છે. તમામ ફળ આપનાર છે."

મહાન યુગ ઋષિ શ્રી રામ શર્મા આચાર્ય જી એ માનવ કલ્યાણ માટે વિશ્વ માં ગાયત્રી મંત્ર ઉજાગર કર્યો. મારા આ દિવ્ય અનુભવ ની વાત શાંતિ કુંજ હરિદ્વાર ના સાધક – વ્યવસ્થાપક ને કરી. તો તેમણે કહ્યું કે, આ બધી મહાન યુગ ઋષિ અને યોગીરાજ ની લીલા છે.

પૂ.ગુરુજી શ્રી યોગભિક્ષુજી ના શબ્દો ફરી-ફરીને યાદ આવ્યા કે, આપણી શ્રદ્ધા-પુકાર સાંભળી ને પરમ શક્તિ ઓ ધારે તે આકાર લઈને આપણી સહાય માટે આશીર્વાદ આપવા આવે છે.

કદાચ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સ્વયં આવ્યા. !! કે મહાન યુગ ઋષિ શ્રી રામ શર્મા આચાર્ય સ્વયં આવ્યા. !!

(અપૂર્ણ)

## ● આધ્યાત્મિક મંથન ●

પરમધામ – મોક્ષધામ નિવાસી મારી સ્વર્ગીય માતાની સાથે યોગીરાજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી યોગભિક્ષુજી એ યૌગીક માર્ગદર્શન નો કરેલ સંવાદ તેઓશ્રીએ તેમના સ્વ.મુખે મને સંભળાવ્યો, ત્યારે મારા વર્ષોથી બંધ થયેલા જ્ઞાનચક્ષુઓ ખુલ્યા કે, મારા માતા તપસ્વીની યોગીની હતા. એટલે જ તેઓ નાનપણ થી જ અમો બધાને નેચરોપથી અને યોગ આસન શિખવતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને મારી સ્વર્ગીય માતાજી વચ્ચે જબરદસ્ત જોડાણ હતું. ભાઈ-બહેન એક સમાન હતા.

આવું જ પરમ પૂજ્ય ગુરુદેવ માટે થયું. તેઓશ્રી એ શરીર ત્યજી દીધા પછી જ વર્ષો પહેલાં બનેલી તમામ ઘટનાઓ ચિત્રપટની જેમ દર્શાવા લાગી. અને બંધ થયેલા જ્ઞાનચક્ષુઓ ખુલ્યા, ત્યારે ઘણું મોડું થઈ ગયું.

૧૯૮૫-૮૮ ના ગાળામાં "પુરાણ પુરુષ યોગીરાજ શ્રી શ્યામચરણ લાહુડી" ના આધ્યાત્મિક વારસદાર એવા હાલમાં "બાબાજી" તરીકે ઓળખાતા શ્રી શિવેન્દુ લાહુડી સાહેબની પરમ પૂજ્ય ગુરુદેવ સાથે ની મુલાકાત અમારા નિમિત્ત થી થઈ. પૂજ્ય ગુરુદેવ શ્રી એ શરીર ત્યાગ કરતાં પહેલાં બે વર્ષ પહેલાં તેમના સ્વહસ્તે નોંધ કરેલ "યોગીરાજ શ્રી શ્યામચરણ લાહુડી" નું કદાચ પ્રથમ આવૃત્તિનું પુસ્તક મને આપ્યું. કાશી વિશ્વનાથ ના દર્શન સમયે "યોગીરાજ લાહુડીમોસાય" ના નિવાસ સ્થાને જવું, અને વર્ષો બાદ સંત શ્રી શિવેન્દુ લાહુડી સાથે ટેલિફોનીક મુલાકાત થવી. આ બધું એક યોગ હતો.

"યોગીરાજ શ્રી શ્યામચરણ લાહુડી" બ્રાહ્મણ હતા. તેમનો જીવન-નિર્વાહ નોકરી કરીને કરતાં હતા. સંસારી બનીને સંસારમાં રહીને કુટુંબની જવાબદારી પૂરી કરતાં હતાં. તેઓએ આશ્રમ બનાવ્યો નહોતો. અને કોઈ જ જાણે નહીં તેમ ઘરમાં જ ગુપ્ત રીતે યોગીક સાધના કરતાં રહીને પરમ તત્વને પામ્યા હતા. તેઓ મહાન

યોગીરાજ હતાં. તેની જાણ સમગ્ર દુનિયાને ''મહર્ષ યોગી યોગાનંદજી'' એ પોતાની આત્મકથા લખી ત્યારે થઈ હતી. તેમાં લાહુડી મહાશય ને પોતાના ગુરુ બનાવેલ હતાં. તેમના દ્વારા જ તેમને બધું જ પ્રાપ્ત થયું હતું.

આવી જ સામ્યતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી યોગભિક્ષુજી ની છે. તેઓએ આજીવન અખંડ બ્રહ્મચર્ય પાળીને મોટાભાઈના કુટુંબ સાથે રહીને ઘરની અને સંસારની તમામ ફરજો પૂરી કરવાની સાથે સ્વયં જીવન-નિર્વાહ કરતાં હતા.

ગુરુદેવ શ્રી પોતે બ્રાહ્મણ હતા. અને ગુપ્ત રહીને યોગસાધના પૂર્ણ કરીને પરમ તત્વ પ્રાપ્ત કરેલ. કયારે પણ તેઓ પોતાનું જ્ઞાન બહાર પ્રગટ કરતાં નહોતા. તેમણે આશ્રમ બનાવ્યા નહોતો. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કદાચ ગુરુજીના અનન્ય ભક્ત સ્વર્ગસ્થ શ્રી કનુભાઈ દવેને સંસાર ને તેમનું જ્ઞાન અર્પણ કરવામાં નિમિત્ત બન્યા હતા. યોગીરાજ શ્રી લાહુડી મોસાય ની જેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી ના ગુપ્ત ભક્તો રહ્યા. દરેક ને દિવ્યતા ના દર્શન થયા.

બંન્ને મહાન યોગીરાજ શ્રી ઓની સામ્યતા ની ચર્ચા બનારસ સ્થિત શ્રી લાહુડી સાહેબ ના અનન્ય ભક્ત સાથે થઈ, ત્યારે આ રહસ્ય છતું થયું કે, બન્ને એક જ સમાન યૌગીક આત્મા હતા.

# જીવતાઓનું શ્રાદ્ધ નથી કરવું ?

''કાંટો કાઢનારનો ગુણ પણ ન ભુલાય'' એવી ભાવનામય પરંપરાવાળા આપણે પિતૃઓને તો કેમ ભૂલીએ? મૃતક પિતૃઓને પણ શ્રાદ્ધપક્ષમાં યાદ કરીને, શ્રાદ્ધ સરાવીને આપણી શ્રદ્ધા અને પ્રેમ વ્યક્ત કરીએ છીએ એ નિમિત્તે કાગડાઓને દૂધ-બાટી પણ નાખીએ છીએ. એ ક્રિયાથી ખરેખર જે થતું હોય તે ખરું, પણ આટલું તો જરૂર થાય કે ખીર-રોટી ખાઈને તૃપ્ત થયેલા કાગડા તે દિવસે બીજા નાના જીવોની હિંસા ન કરે અથવા ઓછી કરે.

અહિંસામાં માનનારા તમામ અહિંસાની દૃષ્ટિએ પણ જો શ્રાદ્ધના પંદરે દિવસ કાગડાઓને વાસ (ખીર-રોટી) નાખે તો અનંત નાના જંતુઓને કાગડાઓ દ્વારા મરતા બચાવીને અહિંસાનું ઘણું મોટું પુણ્ય પ્રાપ્ત કરી શકે. અન્ય પર્વો અને ઉત્સવો તો ચાર-આઠ દિવસના જ હોય છે, પણ શ્રાદ્ધના દિવસો તો ખાસા સોળ છે. કારણ કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ સાર્વભૌમ મહાવ્રતોમાં પ્રથમ અને મુખ્ય અહિંસા છે. શ્રાદ્ધપક્ષને અહિંસાના સૂક્ષ્મ વ્રતના સૂક્ષ્મ પાલનનું સામૂહિક મહાપર્વ ન ગણી શકાય? આમાં એક એવો પ્રશ્ન પણ ઊઠે છે કે, કાગડાને જ શા માટે પસંદ કર્યા હશે? તરત તેના સામે વિચારનો ઝબકારો થાય છે કે ચકલાં, કબૂતરો વગેરેની જેમ કાગડા કદી કામક્રીડારત જોવામાં નથી આવતા. કાગડો ઘર-આંગણે જ સંયમની પ્રેરણાનું સારું પ્રતીક છે. સોંઘું ભાડું અને સિદ્ધપુરની જાત્રા. પાંચ મહાવ્રતોમાં અહિંસાને મુખ્ય ગણવી કે બ્રહ્મચર્યને? કે બંનેને?

''અમે નગુણા નથી જેઓ હયાત નથી તેમને સૌને પણ દર બાર માસે શ્રાદ્ધ પક્ષમાં યાદ કરીએ છીએ, તેમના નિમિત્તે યથાયોગ્ય ત્યાગ કરીએ છીએ. તેઓનો સૌનો અમારા ઉપર એટલો મોટો ઉપકાર છે કે તેમને

અમે ભૂલવા માંગતા નથી, તેમના મૃત્યુ પછી પણ અમે તે ઉપકારની યાદ દર બાર માસે તાજી કરીએ છીએ.'' આમ, આમાં આપણી આવી ભાવના સમાયેલી છે. ઋણમાંથી મુક્ત થવા માટે આવી ભાવના હોય એથી બીજું રૂડું શું?

પરંતુ જીવતા છે તેમનું શું? જે પિતૃઓ, સ્નેહીઓ, મિત્રો, આશ્રિતો, ગુરુ-સંતો વગેરે જીવિત છે અને જેમના આપણા ઉપર અનંત ઉપકારો છે તેમના પ્રત્યે આપણને કેટલી શ્રદ્ધા છે? કેટલો પ્રેમ છે? તેમના માટે આપણે કેટલું સહન કરી શકીએ છીએ? ''મૂઈ ભેંસના મોટા ડોળા'' એવું તો નથી થતું ને? વાસીદામાં સાંબેલું તો નથી જતું ને?

પથ્થરની જડ મૂર્તિને બત્રીસ ભાત્યનાં ભોજનનો થાળ ધરાવીએ છીએ, કારણ કે તે જમવાની નથી, પરંતુ પૂજારીને કાંઈ જ ધરાવતા નથી, કારણ કે તે જમી જાય.મૃતક પિતૃઓમાં શ્રદ્ધા-પ્રેમ એટલે તો નથી રાખતા ને કે તેઓ આપણને અપ્રિય લાગે તેવું કહેતા નથી અને જાગતાને-જીવતાને એટલે તો તરછોડતા નથી ને કે તેઓ ક્યારેક આપણને ઠપકો પણ આપે છે. ''જીવતા બાપ જ્યારે સાચું કહે ત્યારે સાઠે બુદ્ધિ નાઠે, દુનિયા એમ કહીને ઉડાવે!'' એવું તો નથી થતું ને?

જેઓ મૃતકનું પણ શ્રાદ્ધ કરી શકે છે, તેમનામાં પણ શ્રદ્ધા રાખી શકે છે તેઓમાં એટલી શ્રદ્ધા તો જરૂર રાખી શકાય કે, તેઓ જીવતા માટે ઘણું બધું કરશે જ. મૃતકનું શ્રાદ્ધ કરવું એ જીવતાઓ માટે પણ શ્રાદ્ધ કરવાની ભાવનાની સાબિતી છે. દરેકેદરેક પ્રત્યેની ફરજ અચૂકપણે અને આનંદપૂર્વક બજાવીએ તે ''ચેતન શ્રાદ્ધ''નો આદર્શ પ્રકાર છે. શ્રી ગોરખનાથજીએ પણ કહ્યું છે કે, જાગતા નર સેવીએ. જાગતા એટલે જીવતા અને જાગતા એટલે જ્ઞાની. મૃતકનું શ્રાદ્ધ કરવાનું જ્ઞાન પણ આપણને જીવતાઓ જ આપી શકે છે.

મૃતકશ્રાદ્ધની ઘેલછાયુક્ત તૃપ્તિમાં જો ચેતનશ્રાદ્ધચૂકી જવાય તો તે ઘણું મોટું નુકસાન છે. તો, એમ જ માની શકાય કે આપણે શ્રાદ્ધ, શ્રદ્ધા માટે નહીં, પણ અહમ્‌ના પોષણ માટે, પ્રદર્શન માટે, દેખાદેખી અને ધૂનના કારણે કરતાં હતાં.

શ્રાદ્ધ, શ્રાદ્ધપક્ષ પૂરતું જ કે કાગડાઓ પૂરતું જ મર્યાદિત ન રહેવું જોઈએ. શ્રાદ્ધરૂપી-શ્રદ્ધારૂપી સૂરસરીનો પુનિત પ્રવાહ બારમાસી થઈને જીવમાત્રને અભિષેક કરાવનાર અને શાંતિ પમાડનાર નીવડવો જોઈએ. આપણી આસપાસમાં વસનારા નાના જીવો કેવા ઋણાનુબંધથી આપણી આસપાસ વસી ગયા છે તે આપણે કંઈ જાણતા નથી અને ગયા જન્મના કયા પ્રેમસંબંધથી આકર્ષાઈને પૂંછડી પટપટાવતા રહે છે અને મારવા છતાંય ખસતા નથી તેની પણ આપણને માહિતી નથી. કાગડા તો એક પ્રતીક માત્ર છે. દરેક જીવ માટે યથાશક્તિ કાંઈક કરી છૂટવાનું એમાં ગર્ભિત સૂચન છે.

અતિ નમ્રપણે અહીં રજૂ થયેલી શ્રાદ્ધ વિષેની સૂક્ષ્મ સમજણને જો પૂર્વગ્રહમુક્ત થઈને સમજવાનો પ્રયત્ન કરીએ તોપણ એક ચૈતન્ય-શ્રાદ્ધ જ છે.

શ્રાદ્ધપક્ષના સોળ દિવસો તો જીવતાઓ માટે પણ કાંઈ કરી છૂટવા જ - તેમના ઋણમાંથી મુક્ત થવા જ નક્કી થયેલા છે, તો તે સુઅવસરને ન ચૂકીએ.

**શ્રી યોગભિક્ષુ - વચનામૃત**

કોઈપણ ભોગે દ્રવ્ય અને યશ પ્રાપ્ત કરવાની ઇચ્છા અને આધુનિક ગણાવવાનું ભૂત મનુષ્ય પર સવાર થાય છે ત્યારે તે, મનુષ્યને પોતાનું મનુષ્યપણું, પોતાના આદર્શો વગેરે છોડવા લાચાર કરી નાખે છે.

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

# પૂજ્ય ગુરુજી સાથેના સંસ્મરણો

**- શશિકાન્ત પટેલ**

સત્ય-ધર્મ ગુરુ દેવકી જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

લગભગ પાંત્રીસ વરસ પહેલાંનું સંસ્મરણ ગુરુકૃપાએ આપ સૌ સમક્ષ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યો છું. ભાદરવો મહીનો હતો. શ્રાધ્ધપક્ષની શરૂઆત એક દિવસ પહેલા જ થઈ હતી. ત્રણ દિવસથી પ.પૂ. સદ્‌ગુરુદેવશ્રી યોગભિક્ષુજી અમારા ઘરે રોકાયેલા હતા. સાંજે ગુરુજી પાસે બેઠો હતો ત્યારે મેં જણાવ્યું કે આવતી કાલથી મેં નોકરીમાં દસ દિવસની રજા લીધી છે. ગુરુજી કહે કે, તે રજા લીધી છે તો કોઈ કાર્યક્રમનું આયોજન કરી રજાનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ. આપણે પરમ દિવસે તુલસીશ્યામ જઈએ. મેં આનંદ સહીત સંમતિ દર્શાવી. પછી ગુરુજીએ કહ્યું તે તું અત્યારે જ ડાકોર રોહીતભાઈ (શ્રી ગુરુ ધ્યાનભિક્ષુજી)ને ફોન કરીને જણાવી દે કે તેમણે સાથે આવવાનું છે અને આવતીકાલે અહીં આવી જાય. મેં ડાકોર જણાવી દીધું. આ ઉપરાંત મારો નાનોભાઈ, જયાનંદભાઈ, મંજુબેન તથા બે ગુરુભાઈ પણ આવવા તૈયાર થઈ ગયા. ગુરુજીએ કહ્યું કે કાલે તું એસ.ટી. સ્ટેન્ડે જઈને અહીંથી જે બસ સીધી જ તુલસીશ્યામ જતી હોય, રસ્તામાં બસ બદલવી પડે નહીં તે બસમાં રિઝર્વેશન કરાવી દે. આખા દિવસ દરમિયાન સવારે સાડા પાંચ વાગે એક જ સીધી બસ જતી હતી તેમાં રિઝર્વેશન કરાવી દીધું. સૌને તેની જાણ કરી સમયસર એસ.ટી. સ્ટેન્ડે આવી જવા જણાવી દીધું. આમ ગુરુજી સાથે તુલસીશ્યામના પ્રવાસનું આયોજન થઈ ગયું. પ્રવાસમાં ગુરુજી સાથે શ્રી રોહિતભાઈ (શ્રી ગુરુધ્યાનભિક્ષુ), હું (શશીકાન્ત), ઉષાબેન, બંને બાળક હેતાંગ તથા આશીષ મારો નાનો ભાઈ, મંજુબેન, જયાનંદભાઈ તથા બીજા બે ગુરુભક્તો પ્રવાસમાં સાથે હતા. સવારે સૌ સમયસર એસ.ટી. સ્ટેન્ડે પહોંચી બસમાં બેસી ગયા. નીયત સમયે બસ ઉપડી. મેં કંડક્ટરને પૂછ્યું કે કેટલા વાગે તુલસીશ્યામ બસ પહોંચશે? કંડક્ટરે કીધું કે સાંજે સાડા સાત વાગે પહોંચશે. તે કહે કે સૌરાષ્ટ્રના ઘણા બધા ભાગમાં આ બસ ફરતી ફરતી તુલસીશ્યામ જતી હોવાથી વધુ સમય લાગે છે. સૌ કોઈ લોકો આ બસને રખડતી બસથી ઓળખે છે. અમારી બસ સાંજે ૬.૦૦ વાગે ઉના પહોંચી. ત્યાં બસ લગભગ ખાલી થઈ ગઈ. બસમાં અમે તથા બીજા પાંચેક મુસાફરો બેઠેલા હતા. ઉનાથી બસ ઉપડી એટલે ગુરુજી છેક આગળની સીટમાં રસ્તો બરોબર દેખાય તેમ બેસી ગયા. મને તેમની બાજુમાં બેસાડ્યો અને બાકી અન્યોને આગળની સીટોમાં બેસવા જણાવ્યું. ઉનાથી બસ ઉપડી એટલે થોડા અંતર સુધી રસ્તાની બંને બાજુ ખેતરો દેખાતા હતા. ત્યારબાદ ગીચ ઝાડી અને જંગલ શરૂ થઈ ગયું. વચમાં ક્યારેક છૂટાછવાયા ખેતર આવતા હતા. અમારી બસ જઈ રહી હતી. રસ્તાની બંને બાજુ ગીચ ઝાડી અને જંગલ હતું. તાજું જ ચોમાસું ગયું હોવાથી વનરાજી ખૂબ જ ખીલી હતી. ત્યાં ડ્રાઇવરે એકાએક બસને બ્રેક મારી ઊભી રાખી અને તે જ સમયે ગુરુજી પણ રસ્તા બાજુ હાથનો ઈશારો કરતા બોલ્યા કે જુઓ જુઓ રસ્તા ઉપર. અમે સર્વેએ જોયું કે રસ્તાની જમણી બાજુની ઝાડીમાંથી સિંહ, સિંહણ અને બે બચ્ચા રસ્તા ઉપર આવી વચોવચ બેસી ગયા. ડાઈવરે પણ તેમની બાજુ બસની ફુલ લાઇટ કરી હતી. સિંહ, સિંહણ શાંતિથી રસ્તા વચ્ચે બેઠા હતા અને બંને બચ્ચા તેમની આસપાસ અને ઉપર કૂદતા હતા, મસ્તી કરતા હતા. ગુરુજી કહે કે બસ ઉનાથી ઉપડી ત્યારથી મનમાં થતું

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

હતું કે કદાચ રસ્તામાં સિંહ જોવા મળશે અને જોવા મળ્યા. ડ્રાઈવરે કહ્યું કે હું કાયમ આ રૂટ ઉપર બસ લઈને જઉં છું, છેલ્લા ત્રણેક મહિનાથી સિંહ દેખાયા નહોતા પરંતુ આજે પાછા દેખાયા તો તેનો લાભ તમને મળી ગયો. લગભગ પંદરેક મિનીટ સુધી તેઓ રસ્તા ઉપર બેસી રહ્યા. ત્યાર બાદ રસ્તાની બીજી બાજુ ઝાડીમાં જતા રહ્યા. અમે તુલસીશ્યામથી અમદાવાદ આવવાના હતા તેની આગળના દિવસે રાત્રિની શરૂઆત થઈ હતી, સૌ ભોજન-પ્રસાદ લેવાની તૈયારી કરી રહ્યા હતા, હું ગેસ્ટહાઉસના વહીવટદાર પૂજાભાઈ કે જેઓ એક જ ત્યાં રહેતા અને બધું સંભાળતા તેમની રૂમની બહાર તેમની સાથે ખાટલામાં બેસી વાતો કરતો હતો. ત્યાં સિંહની ડણક સંભળાઈ. પૂજાભાઈએ મને કહ્યું કે નજીકમાં જ ક્યાંક સિંહ છે. ત્યાં તો થોડી વારમાં ફરી ડણક સંભળાઈ. પૂજાભાઈ કહે સિંહ આ બાજુ જ આવી રહ્યો છે. ગેસ્ટ હાઉસ ટેકરી ઉપર હોવાથી આગળના ભાગે નીચે જવા માટે રસ્તો બનાવેલ જ્યાંથી સીધા જ મંદિર પરીસરની આગળ આવેલ ચોગાનમાં જવાતું. બીજી કોઈપણ બાજુથી નીચે જવાય એમ હતું નહીં કેમ કે ત્યાં તો ગીચ ઝાડી અને જંગલ શરૂ થઈ જતું હતું. ત્યાં નીચેના ભાગમાં બાજુમાં હરીજનભાઈઓના ઝૂંપડા આવેલ. ત્યાં તેઓ પરિવાર સાથે રહેતા. તેઓએ બૂમ પાડી કે પૂજાભાઈ પાછળની લાઈટ કરો સિંહ આવ્યો છે. પૂજાભાઈએ લાઈટ કરી. મેં દોડતા જઈ ગુરુજીને આ વાત જણાવી. ગુરુજી અને બીજા બધા બેટરીઓ લઈ ઝડપથી પાછળના ભાગમાં આવ્યા અને નીચેની બાજુ બેટરીનો પ્રકાશ નાખી જોવા લાગ્યા. એક સામટો અવાજ સાંભળી સિંહ કૂદીને ઝાડીમાં જતો રહ્યો. અમે સૌએ તે જોયું. મુખ્ય વાત એ જણાવવાની છે કે ગુરુજીના સાંનિધ્યમાં સૌ કેટલા બધા નિર્ભય બની જાય છે. મોટા ભાગે સૌ જંગલનો છૂટો સાવજ નજીક આવે તો ડરના માર્યા દૂર ભાગી જતા હોય છે. જ્યારે અમે સૌ સામેથી તેની સામે ગયા. કેમ કે ગુરુજી અમારી સાથે હતા. સૌના મનમાં દઢ વિશ્વાસ હતો કે ગુરુજીના સાંનિધ્યમાં કોઈ પણ જાતના ભયને અવકાશ હોતો નથી. ગુરુજી સૌની રક્ષા કરતા હોય છે. તેથી અમારા સૌમાં કોઈ જ ડર નહોતો, અમે સૌ સંપૂર્ણ નિર્ભય હતા. બીજા દિવસે સવારે છ વાગે અમદાવાદ આવવા અમે બસમાં બેઠા. અમારી બસ ઉપડવાને માંડ પાંચ મિનીટ થઈ હશે ત્યાં તો રસ્તાની બાજુમાં સિંહ અને સિંહણ બસ સામું જોતા ઊભા હતા. ડ્રાઈવરે બસની ગતિ એકદમ ધીમી કરી દીધી હતી. અમે બારીમાંથી તેમને જોતા હતા. અમારી બસ તેમની બાજુમાંથી પસાર થઈ એટલે તે બંને પણ ધીમી ચાલે બસ પાછળ આવતા હતા. પછી તો અમારી બસ આગળ નીકળી ગઈ. હું શાંતિથી આંખો બંધ કરી બેઠો હતો ત્યાં મનમાં ભાવ જાગ્યો કે - સિંહ એ તો જંગલનો રાજા, ગીરનું જંગલ એ એનું સામ્રાજ્ય. જ્યારે ગુરુજી તુલસીશ્યામ જઈ રહ્યા હતા ત્યારે જંગલમાં પ્રવેશતા જ જંગલનો રાજા સાવજ પોતાના પરિવાર સહિત ગુરુજીનું સ્વાગત કરવા આવ્યો. જ્યારે અમે અમદાવાદ પાછા આવવા નીકળ્યા ત્યારે વિદાય આપવા પણ આવ્યો. આ ભાવનો ઊભરો ચઢતા ગુરુજી પ્રત્યે અહોભાવથી મન ખૂબ જ પ્રફૂલ્લિત થઈ ગયું.

તુલસીશ્યામ અમે આઠ દિવસ રોકાયા હતા. જોકે મંજુબેન તથા જયાનંદભાઈ અમે જે રાત્રે તુલસીશ્યામ પહોંચ્યા ત્યારથી ત્રણ રાત્રિ રોકાઈ પાછા અમદાવાદ આવવા નીકળી ગયા હતા. બાકીના સૌ ગુરુજી સાથે આઠ દિવસ રોકાઈ ગુરુજી સાથે પાછા અમદાવાદ આવ્યા હતા. તુલસીશ્યામના આઠ દિવસના ગુરુજી સાથેના રોકાણ દરમિયાન ગુરુદેવની ગરીમાને ઉજાગર કરતા બીજા પણ યાદગાર પ્રસંગોના સંસ્મરણ રહેલા છે. તેની વાત ફરી ક્યારેક કરીશું.

શશીકાન્ત પટેલના સર્વેને જયનારાયણ-

# ગંગેશ ગંગોત્રીની યાત્રાએ

**સંકલન : શેખર પટેલ**

(ગતાંકથી ...)

તા.૨૨-૫-૯૦ ના રોજ બપોરે અમે સૌ પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથે લક્ષ્મણ કુટીરમાં ગયા. ત્યાં શ્રી અપરોક્ષાનંદજી હાજર હતા. શ્રી સત્યાનંદજી પણ ત્યાં જ બેઠેલા હતા. શ્રી સત્યાનંદજી બહુ જ ભાવુક તથા બોલકણા સંત છે. તેઓ બોમ્બે યુનિવર્સિટીના ફર્સ્ટક્લાસ ફર્સ્ટ ડબલ ગ્રેજ્યુએટ છે. પરંતુ ગુરુઆજ્ઞાથી વૈરાગ્ય ધારણ કરી તેઓ સંતોની સેવામાં લાગી ગયા છે. તેઓ પૂજ્યશ્રીને તેમની રૂમમાં લઈ ગયા, જ્યાં તેઓ સાધના કરે છે. તેમની રૂમ ઘણી જ નાની હતી આશરે ૫'x૭'x૪' ની હશે. પરંતુ આટલી નાની રૂમમાં પણ બધી જ જીવનજરૂરી વસ્તુ ગોઠવેલી હતી. સ્વામીજીએ તેમની રૂમની બારીમાંથી ગંગાકિનારે ધ્યાનમાં બેઠેલાં એક સન્નારીને બતાવ્યાં કે જે રોજ સાંજે ૪ થી ૬ વાગ્યા દરમ્યાન ત્યાં ધ્યાનમાં બેસે છે. પૂજ્યશ્રીએ શ્રી સત્યાનંદજીને આધ્યાત્મિક સાહિત્ય ભેટ આપ્યું. જયારે શ્રી સત્યાનંદજીએ પૂજયશ્રી ''લક્ષ્મણમાલા'' નામનું મોટું પુસ્તક ભેટ આપ્યું. તેઓ કોઈને પોતાની સહી નથી કરી આપતા પણ પૂજ્યશ્રીએ કહ્યું કે તરત જ પુસ્તકમાં 'પૂ. યોગભિક્ષુજીને ભેટ' એમ લખીને સહી કરી આપી. ત્યારબાદ આખો આશ્રમ બતાવ્યો. આશ્રમ ખૂબ જ સુંદર હતો. તેમના આશ્રમને અડીને જ ભાગીરથી-ગંગા અને કેદારગંગાનો સંગમ થાય છે. આ સંગમસ્થાન તેમણે છેક નીચે ઊતરી, ઘાટ ઉપર લઈ જઈ બતાવ્યું. ખૂબ જ રમણીય સ્થળ હતું.

લક્ષ્મણ કુટીરેથી નીકળી અમે સૂર્યકુંડ ગયા. પૂજ્યશ્રીએ ત્યાં ઘણા ફોટા પાડ્યા. ત્યાં ગંગાજીનો ધોધ શિવલિંગ ઉપર પડે છે. ગંગાજીનો પ્રવાહ વધતાં શિવલિંગ દેખાતું બંધ થઈ જાય છે તે સમજાવ્યું. ત્યાંથી અમે સુંદરાનંદજીના આશ્રમે ગયા.

સ્વામી સુંદરાનંદજી ગંગોત્રીમાં ફોટાવાળા સંત તરીકે ઓળખાય છે. તેઓ તેમના ગુરુ તપોવનજી મહારાજના આદેશથી અહીં એકલા રહે છે. પૂજ્યશ્રીએ આજથી સત્યાવીસ વર્ષ પહેલાં સુંદરાનંદજીને મળવાનો સંકલ્પ કરેલો તે આજે પૂરો થયો. બહિરંગ યોગ ઉપર જે પુસ્તક લખાયેલ છે. તેમાં સુંદરાનંદજીનો ઘણો મોટો ફાળો છે.તેમના આશ્રમમાં પણ બહિરંગ યોગની ક્રિયા દર્શાવતા ઘણા ફોટા છે,જે તેમના કહ્યા મુજબ ૧૯૫૨ની સાલના છે.પૂજ્યશ્રીએ આ બધું જોઈ તેમને કહ્યું કે ''જબ મેં આપકી બાત દૂસરે સંતો કો કરતા હૂં ઔર જબ પૂછતા હૂં કિ સિર્ફ પુસ્તકમેં સુંદરાનંદજીકા નામ ક્યૂં આતા હૈ તબ વે કહતે હૈ કિ સુંદરાનંદજી અબ સંત નહીં હૈ, વે તો અબ ફોટોગ્રાફી સંત હૈ.'' આ વાત સાંભળી સુંદરાનંદજી કહે ''વે લોગ બહુત અચ્છે હૈ. મેરા મૈલ ધોનેકા કાર્ય કર રહે હૈ.'' કેટલી બધી નિર્મળતા ..!

સુંદરાનંદજીએ તેમના આશ્રમમાં સંગ્રહેલ કાષ્ટના જુદા જુદા ટુકડાની ઓળખ આપી. આશ્રમની આગળના ભાગમાં જ એક મોટું દેવદારનું ઝાડ છે. જે બે ભાગમાં વહેંચાઈ જાય છે. તેને તેમણે શિવ અને શક્તિના રૂપમાં ઓળખાવ્યા. આ ઉપરાંત ઝાડ પાસે મૂકેલો શિવલિંગ આકારનો કાષ્ટનો ટુકડો પણ બતાવ્યો, કે જેમાં કુદરતી રીતે જ ત્રિપુંડ તથા બે મનુષ્યાકૃતિ અંકિત થયેલી દેખાતી હતી. સુંદરાનંદજીનો આશ્રમ જોઈ તેમને જયનારાયણ કરી અમે યોગાશ્રમ તરફ ગયા.

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

યોગાશ્રમના સ્થાપક શ્રી અખંડાનંદજી છે. હાલમાં આશ્રમનું સંચાલન શ્રી નિજાનંદજી સંભાળી રહ્યા છે. યોગ-શિક્ષણ વિષેની પૃચ્છા કરતાં તેમણે જણાવ્યુ કે ''અહીં યોગ શિખવાડવામાં આવતો નથી. પરંતુ જે ખરેખર યોગસાધક છે અને યોગસાધના માટે જેઓ શ્રી અખંડાનંદજીની ચિઠ્ઠી લઈને આવે છે તેમને આશ્રમમાં સ્થાન આપવામાં આવે છે.'' પૂજ્યશ્રીએ તેમને સાહિત્ય ભેટ આપ્યું. યોગાશ્રમમાંથી બહાર આવી અમે અમારા નિવાસસ્થાન કૃષ્ણાશ્રમમાં ગયા. કૃષ્ણાશ્રમમાં આરતી ચાલતી હતી. આરતીમાં ભાગ લઈ અમે સૌ અમારા રૂમમાં ગયા. થોડો નાસ્તો કરીને સૂઈ ગયા.

તા.૨૩-૫-૯૦ ના રોજ બપોરે અમે સૌ બહાર નીકળ્યા. દરરોજ શ્રી સત્યાનંદજીને ત્યાંથી દૂધ લાવતા હતા તેથી પૂજ્યશ્રીની આજ્ઞા થવાથી તેમને રૂ. ૧૦૧/- ભેટ તરીકે આપ્યા. પૂજ્યશ્રી સાથે અમે નાગાબાવાની કુટીરે જવા નીકળ્યા. રસ્તામાં બરફનાં બે ગ્લૅશિયર આવ્યાં. તે પસાર કરી અમે નાગાબાવાની કુટીરે પહોચ્યા. તેઓશ્રી એક ભાઈ-બહેન સાથે વાતો કરતા હતા, પૂજ્યશ્રી સાથે અમે સૌએ તેમને નમોનારાયણ કર્યા. તેમણે તેનો પ્રત્યુત્તર આપ્યો. એક સંત બીજા સંતને તરત ઓળખી જાય છે. બાવાજીએ તેમની પાસે બેઠેલા ભાઈને પૂજ્યશ્રીની ઓળખ આપતાં કહ્યું કે 'આ બહુ મોટા સંત છે.'પૂજ્યશ્રીએ કહ્યું કે '' આ શરીરને લોકો યોગભિક્ષુના નામથી ઓળખે છે. હું આપની પાસે ભિક્ષા લેવા આવ્યો છું. આપ મારી ઝોળી ભરી દો.'' જવાબ રૂપે સ્વામીજી ઉર્દૂમાં એક શેર બોલ્યા. પૂજ્યશ્રીએ બાવાજીને કહ્યું '' આપ હમે સંત કહતે હો, લેકિન દેખો મૈંને કિતને કપડે પહેને હૈ. ઔર આપ કૈસે બૈઠે હો.'' બાવાજીએ કહ્યું ''યે તો શરીર કા ધર્મ હૈ શરીર જિસસે આદી હો જાતા હૈ ફિર ઉસે વહ કઠિન નહીં લગતા. હમ તો આત્મા કી સોચતે હૈ. આપ ભી યહાં જ્યાદા રહો તો હમારી તરહ બીના કપડે રહ શકતે હો.'' પૂજ્યશ્રીએ બાવાજીને કહ્યું, ''આપ કૃપા કરો કિ મૈં ફિર યહાં આ સકૂં ઔર એક-દો માસ ઠહર સકૂં'' બાવાજીએ કહ્યું ''વૈસા હી હોગા'' તેમની બાજુમાં બેઠેલા ભાઈએ કહ્યું કે 'આપ જરૂર આવી શકશો. સ્વયં પૂર્ણ સ્વરૂપ પૂજ્યશ્રીએ કહ્યું કે ''ભગવાન પોતાના કરતાં પોતાના ભક્તોની ઈચ્છા જલદી પૂરી કરે છે. કારણ કે ભગવાન ભક્તવત્સલ કહેવાય છે. માટે ભક્તની ઈચ્છા પૂરી કરવા માટે પણ મારે આવવાનું થશે જ''.

સૌ ભક્તો પૂજ્યશ્રીની ઉપરોક્ત વાત સાંભળીને આનંદાશ્ચર્યમાં ડૂબી ગયા. સ્વયં પ્રભુને પોતાની ઓળખાણ અનાયાસે જ આપી દીધી. સાંભળીને ગદ્‌ગદ્‌ ન થવાય તો જ નવાઈ. બાવાજીની સંમતિ લઈ તેમનો ફોટો લીધો. ત્યારબાદ થોડો સમય ગાયત્રીમંત્રનો જાપ કર્યો. પૂજ્યશ્રીએ બાવાજીને સાહિત્ય અને દ્રવ્યની ભેટ આપી. બાવાજીએ દ્રવ્યનો વિનયપૂર્વક અસ્વીકાર કરી માત્ર સાહિત્ય જ ભેટ તરીકે સ્વીકાર્યું.

બાવાજીની કુટીરેથી અમે પાછા ફર્યા. રસ્તામાં હંસગુફા પાસે શ્રી હંસાનંદજીના આશ્રમમાં ગયા.ત્યાં સત્સંગની શરૂઆત થતી હતી બરાબર તે સમયે જ બાવાજીને ત્યાં બેઠેલા પેલા ભાઈ અને તેમનાં પત્ની આવ્યાં. તેમને જોઈ પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું ''નાગાબાવાજીને ત્યાં તમે આગળ હતાં અને અમે પાછળ અહીં અમે આગળ અને તમે પાછળ.'' આ સાંભળી પેલા ભાઈએ કહ્યું '' પ્રભુ, યહ સબ આપકી મરજી હૈ. સત્સંગ કરતાં શ્રી હંસાનંદજીએ કહ્યું કે આપ એક ગુજરાતી ભજન ગાવ તો આનંદ થશે. અમને સૌને

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

લયબદ્ધ રીતે ગાતાં આવડતું નહોતું એટલે પૂજ્યશ્રીએ જાતે પ્રભુ તારી માયાને તું વાળ્ય...' ભજન ગવડાવ્યું. પૂજ્યશ્રી દરેક લીટી બે-બે વખત ગવડાવતા હતા. ભજન સાંભળતાં સાંભળતાં હંસાનંદજી ભાવવિભોર બની ગયા હતા. સમગ્ર વાતાવરણ ભાવમય બની ગયું હતું. ભજન પત્યા બાદ અમે સૌ ઊઠ્યા. પૂજ્યશ્રી હંસાનંદજીને દ્રવ્યની ભેટ આપી. હંસાનંદજી કહે ''સંતો કે પાસ સે દ્રવ્ય નહીં લિયા જાતા.'' આ સાંભળી પૂજ્યશ્રીએ ભરતભાઈ પાસે ભેટ અપાવડાવી. હંસગુફામાંથી નીકળી અમે ગંગોત્રીના મંદિરે આવ્યા, મંદિરે દર્શન કરી અમે કૃષ્ણાશ્રમમાં પાછા આવ્યા. બીજે દિવસે ગંગોત્રીથી નીકળવાનું હોવાથી બધાએ વધારાનો સામાન પેક કર્યો પ્રણવવંદના ગાઈ સૌ સૂઈ ગયા.

તા.૨૪-૫-૯૦ ના રોજ સવારે અમે બધા વહેલા ઊઠી ગયા. નિત્યક્રમથી પરવારી પોતપોતાનો સામાન પેક કરી લીધો. પ્રણવવંદના ગાઈ બધા બસસ્ટૅન્ડ જવા તૈયાર થઈ ગયા. પૂજ્યશ્રીની આજ્ઞાથી દરેક મજૂરની સાથે એકેક ભાઈએ જવાનું હતું. સૌ પહેલાં ડૉકટરભિક્ષુજી ગયા. ગઢવાલ નિગમની બસમાં જવાનું હતું. સામાન ઘણો હતો, સાથે પૂ. ગુરુદેવ હતા તેથી એસ.ટી.માં જવું પડે તે જરા પણ ગમતું નહોતું. ડૉક્ટરભિક્ષુજી એક મેટાડોર જોઈને તેની પાસે ગયા. વાતચીત કરતાં મેટાડોરવાળા ભાઈએ આવવાની હા પાડી. ડૉ.ભિક્ષુજીએ મને પૂજ્યશ્રીની અનુમતિ લેવા તાત્કાલિક પાછો મોકલ્યો. દરમ્યાન આશ્રમમાંથી બધો સામાન આવી ગયો હતો. હું પૂજ્યશ્રી સાથે ઝડપથી બસસ્ટૅન્ડ તરફ આવતો હતો. રસ્તામાં જ નાગાબાવાજી મળ્યા. તેઓ પૂજ્યશ્રીને પ્રેમપૂર્વક ભેટી પડ્યા.બંને સંતોના આલિંગનનું દશ્ય અવિસ્મરણીય હતું. પૂજ્યશ્રીએ કહ્યું, ''સવારમાં નીકળતાં જ નાગાબાવા મળ્યા છે. બહુ જ સારા શુકન છે.'' પૂજ્યશ્રીની અનુમતિ મળતાં જ અમે મેટાડોર નક્કી કરી લીધી. મેટાડોરમાં અમારો બધો સામાન વ્યવસ્થિત ગોઠવી દીધો અને બરાબર સવારે આઠ વાગ્યે ગંગોત્રીથી પાછા ઋષીકેશ તરફની યાત્રા શરૂ કરી.

મેટાડોર ઊપડી કે તરત જ સ્મરણપટ ઉપર ગંગોત્રીમાંના પંદર દિવસના રોકાણ દરમ્યાન નિજાનંદની જે મસ્તી માણી હતી તે યાદ આવવા લાગી. ગંગોત્રીની નયનરમ્ય વનરાજી, પર્વતોની હારમાળાઓ, ગ્લૅશિયરની શીતળતા, ગંગાનો મસ્તીભર્યો કલકલાટ વગેરે દશ્યો નજર સમક્ષ તાદશ્ય થવા લાગ્યા. હું આ બધી સ્મૃતિઓને વાગોળતો હતો ત્યાં જ પૂજ્યશ્રીએ ડૉ. ભિક્ષુને કહ્યું ''ડૉક્ટર, આજે સવારે જ્યારે નાગાબાવા ભાવવેશમાં આવીને અમને ભેટ્યા ત્યારથી આશ્રમ બનાવવાની થોડીઘણી જે ઇચ્છા હતી તે બધી દૂર થઈ ગઈ છે, નિર્મૂળ થઈ ગઈ છે. ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જવાનું છે. આશ્રમરૂપી બંધનમાં હવે બંધાવું નથી.''આમ કહી પૂજ્યશ્રીએ પોતાનો વિરક્તભાવ વ્યક્ત કર્યો.

મેટાડોર ઝડપથી ચાલતી હતી. આગળ એક ગ્લૅશિયર રસ્તામાં હોવાથી મેટાડોર ઊભી રાખવી પડી. ત્યાં જ એક ઝરણું વહેતું હતું. બધાએ ઝરણાનું શીતળ જળ પીધું ત્યાંથી નીકળી અમે ગંગનાની આવ્યા. ગંગનાનીમાં થોડો નાસ્તો કરી ચા પીધી. ગંગનાનીથી નીકળી રસ્તામાં કયાંય રોકાયા વગર અમે ઉત્તરકાશી આવ્યા. ઉત્તરકાશીમાં સૌએ ભોજન લીધું. ભોજન લીધા બાદ થોડો આરામ કરી અમે ઋષીકેશ તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં એકાદ જગ્યાએ રોકાણ કરી સાંજે સાત વાગ્યે અમે ઋષીકેશ પહોંચ્યા. ઋષીકેશમાં શ્રી રોશનલાલ શર્મા પાસેથી કાલીકમલીવાળા આશ્રમ - હરિદ્વાર ઉપરની ચિઠ્ઠી લઈ અમે હરિદ્વાર ગયા. હરિદ્વાર મુકામે બાબા કાલીકમલીવાળા આશ્રમના

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

સંચાલક શ્રી રતનલાલ હતા. તેમણે ચિઠ્ઠી વાંચીને અમને રૂમોની વ્યવસ્થા કરી આપી. રૂમોમાં સામાન ગોઠવી દીધો. રાતના નવ વાગવા આવ્યા હતા. બધા થાક્યા પણ હતા અને ખૂબ ભૂખ્યા પણ થયા હતા. પૂજ્યશ્રીની આજ્ઞા થઈ એટલે સૌ ગુજરાતી સમાજમાં જમવા ગયા. પૂજ્યશ્રી પણ સાથે હતા પૂજ્યશ્રી માટે ખીચડી બનાવડાવી પરંતુ ખીચડીમાં કાંકરી આવતી હોવાથી પૂજ્યશ્રી પ્રસાદ લઈ શક્યા નહીં. અમને બધાને પણ ઘણું દુઃખ થયું પરંતુ અમે નિઃસહાય હતા. બિપીનભાઈ આશ્રમમાં હોવાથી તેમના માટે અમે નાસ્તો લઈ લીધો. આશ્રમમાં જઈ, પ્રાણવવંદના ગાઈ અમે સૂઈ ગયા.

બીજે દિવસે તા.૨૫-૫-૯૦ના રોજ બધા વહેલા ઊઠી ગયા. નિત્યકર્મથી પરવારી ગયા બાદ સૌ વિચારતા હતા કે જો વધુ સારી સગવડવાળી રૂમો મળે તો પૂજ્યશ્રીને સારું ફાવે. ઓમ્ પરમાત્માની કૃપા થઈ અને આશ્રમમાં જ પહેલે માળે એટેચ્ડ બાથરૂમવાળા બે મોટા રૂમો મળી ગયા. આ રૂમોમાં સામાન ગોઠવી અમે પૂજ્યશ્રી સાથે હર કી પૌડી ગયા. પૂજ્યશ્રીએ અમને બજારમાંથી જવાનું કહ્યું જેથી અમે બજાર જોઈ શકીએ અને જે કાંઈ ખરીદવું હોય તે ખરીદી શકીએ. બજારમાં ફરતા ફરતા લગભગ એક કલાકે અમે હર કી પૌડી પહોંચ્યા. ત્યાં ગંગામૈયાના દર્શન કરી બ્રિજ ઉપરથી પસાર થઈ સામેના કિનારે ગયા. ગંગાકિનારે ચાલતા ચાલતા આગળના બીજા બ્રિજ સુધી પહોંચ્યા. ત્યાં એક ઝાડ નીચે પૂજ્યશ્રીએ વિશ્રામ કર્યો. બધાએ ગંગાજળથી હાથ-મોં ધોયાં. થોડો સમય ગંગાકિનારે બેસી ત્યાંથી સીધા ગુજરાતી સમાજમાં જમવા ગયા. અમે સૌ ગુજરાતી સમાજમાં જમ્યા, જમીને અમે આશ્રમમાં ગયા.

આશ્રમમાં થોડો સમય આરામ કરી બપોરે ચાર વાગ્યે હરિદ્વારમાં આવેલા જુદા જુદા આશ્રમો જોવા નીકળ્યા. સૌપ્રથમ અખંડાનંદ આશ્રમમાં ગયા. ત્યાં મંદિરના પ્રાંગણમાં સંન્યાસીઓ બેઠા હતા અને એક સ્વામીજી પ્રવચન કરતા હતા, મંદિરમાં દર્શન કરી ત્યાંથી અમે ભારતમાતાના મંદિરે ગયા. ભારતમાતાનું મંદિર ઘણું મોટું છે. કુલ સાત માળ છે. અને દરેક માળે જુદી જુદી મૂર્તિઓ છે. લિફ્ટમાં અમે સાતમા માળે ગયા. ત્યાં કૈલાસધામનું દૃશ્ય હતું. શંકર, પાર્વતી અને ગણેશજીની મૂર્તિઓ હતી. ત્યાંથી વારાફરતી એકેક માળ જોતા અમે નીચે આવતા હતા. દરેક માળે દેવદેવીઓ અને ભારતમાતા કાજે બલિદાન આપનાર સપૂતોની મૂર્તિઓ હતી. હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ, પારસી વગેરે બધા જ ધર્મોના ચિહ્નો અને દેવતાઓની મૂર્તિઓ હતી આ બધું જોતા જોતા અમે નીચે આવ્યા. ભારતમાતાના મંદિરેથી નીકળી અમે બ્રહ્મચર્ય આશ્રમ તરફ જતા હતા ત્યાં રસ્તામાં સપ્તઋષિ આશ્રમ આવ્યો. આશ્રમમાં સાત પ્રાચીન ઋષિઓની મૂર્તિઓ હતી. તે જોઈ અમે બ્રહ્મચર્ય આશ્રમમાં પહોચ્યાં. ત્યાં માનવશરીર પર અધ્યાત્મ ઉપચારોમાં પ્રણવ(ઓમ્)ની સમીક્ષા થાય છે. યંત્ર દ્વારા કેવી રીતે તેની ગતિવિધિ થાય છે તે અમને આશ્રમના ડૉકટર તેમજ પંડ્યાજીએ સમજાવ્યું. યંત્રનો પ્રયોગ કરવાનું પૂછતાં ત્યાંના ડૉકટરે અમને કહ્યું કે યંત્રનો પ્રયોગ કરવા તમારે અહીં ત્રીસ દિવસ રોકાવું પડે. ત્યારબાદ આશ્રમના ડૉકટરે હવનની વાતાવરણ પર શું અસર થાય છે તેની ચકાસણી કરવાની યંત્ર સામગ્રી બતાવી. આખો આશ્રમ આધ્યાત્મિક પ્રયોગશાળા જેવો લાગ્યો. અમે સૌ ખૂબ પ્રભાવિત થયા. પૂજ્યશ્રીએ આશ્રમના સંચાલકને આપણું સાહિત્ય આપ્યું. આ ઉપરાંત ત્યાંની લાઈબ્રેરીમાં મૂકવા માટે પુસ્તકો પણ આપ્યાં. ત્યાંથી

અમે શાંતિવન જોવા ગયા. શાંતિવન ખૂબ જ વિશાળ જગ્યામાં પથરાયેલો ઘણો મોટો આશ્રમ છે. ત્યાં ઘણી પ્રવૃત્તિઓ ચાલે છે. આશ્રમના મુખ્ય સંચાલક શ્રીરામ શર્માજી છે. આશ્રમમાં દરેક પ્રકારની સગવડ છે. આશ્રમ બતાવવા માટે આશ્રમ તરફથી ગાઈડની વ્યવસ્થા પણ છે. આશ્રમમાં જુદી જુદી ઔષધિ બનાવવા માટે અપ્રાપ્ય છોડ પણ વાવેલા છે. અમારે હજી ઘણી જગ્યાઓ જોવાની હતી તેથી ઝડપથી બધું નિરીક્ષણ કરી આશ્રમની બહાર નીકળ્યા.

શાંતિવન આશ્રમમાંથી નીકળી અમે બર્ફાની આશ્રમ અને પાવનધામ ગયા. પાવનધામમાં ભગવાનની મૂર્તિની આજુબાજુ કાચ એવી રીતે જડેલા છે કે મૂર્તિ એક હોવા છતાં જે બાજુ જુઓ તે બાજુ અસંખ્ય મૂર્તિઓ દેખાય.

આ જગ્યાએ દર્શન કરી અમે કનખલ ગયા. અહીં મહાદેવનું મંદિર છે. લોકવાયકા મુજબ અહીં યક્ષરાજાએ યજ્ઞ કરેલો. યજ્ઞમાં તેમની પુત્રીને આમંત્રણ નહીં આપેલું. શિવપુરાણની આ બધી વાતો કરતાં કરતાં અમે ગંગા-કિનારે ગયા. સૌએ હાથ-પગ ધોઈ ગંગાજળ મસ્તકે ચઢાવ્યું. ઉપર આવી શિવમંદિરમાં આરતી કરી. ત્યાં આવેલા પારદના શિવલિંગનાં દર્શન કર્યાં. ત્યાંથી બહાર આવી રુદ્રાક્ષના ઝાડ પાસે ઊભા રહ્યા. પૂજ્યશ્રીએ થોડો સત્સંગ કર્યો. ત્યાંથી માનવકલ્યાણ આશ્રમમાં આવી અર્ધનારીશ્વર, શંકરપાર્વતી, રાધાકૃષ્ણ અને અંબામાતાની મૂર્તિનાં દર્શન કર્યાં.

(વધુ આવતા અંકે)

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

# ઓમ્ પરિવારના ઉત્સવ-૨૦૨૪

| | | |
|---|---|---|
| ઓમ્ ગુરુદેવ જયંતી | શ્રી સત્તાવીશ દશા પોરવાડ હોલ<br>સ્વસ્તિક ચાર રસ્તા, વસંત વિહાર,<br>નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ | ૨૬-૧૦-૨૦૨૪<br>શનિવાર<br>૪.૩૦ થી ૮ |
| બેસતુ વર્ષ | સુમન સજની હૉલ<br>સોમેશ્વર મહાદેવ પાસે, હિરાભાઈ ટાવર પાસે,<br>ભાડવાતનગર, મણીનગર, અમદાવાદ-૮ | ૨-૧૧-૨૦૨૪<br>શનિવાર<br>સવારે ૮ થી ૯ |
| શ્રી ગુરુદેવ જન્મ<br>જયંતી મહોત્સવ | જ્યાં નક્કી થાય ત્યાં | ૧-૧૨-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન<br>સાધના શિબિર<br>નિમિત્તે | 'નિર્વિકલ્પ મુક્તિધામ'<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર | ૨૯-૧૨-૨૦૨૪<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥

## अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है ।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है ।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

### ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

To,

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**


**તંત્રીશ્રી,**
**'રુતમ્ભરા' સામયિક,**
**ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ**
સી-૩૯, રવિકુંજ એપાર્ટમેન્ટ,
પ્રભાત ચોક, ઘાટલોડિયા, **અમદાવાદ-૩૮૦૦૬૧.**
9825443642


***લવાજમદર :***

| | | | |
|---|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય *(ભારતમાં)* | ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય *(ભારતમાં)* | ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય *(પરદેશમાં)* | ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય *(પરદેશમાં)* | ... | $ | ૧૫૦-૦૦ |

***સૂચના :-***

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.

E-mail : aumparivar@yahoo.com
Mob. : 9313675728


Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91
**Published on Every 3 Months**


**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**


PRINTED & PUBLISHED BY :-

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**
(Reg. No. E/4416 Date 11-5-81)

**From** : C-39, Ravikunj Apartment, Ghatlodia, Ahmedabad-61.
**Printed at** : Shardul Printing Press
**Hon. Editor** : Minish Patel

I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09


***"ભૌતિકતાને ભગાડીએ,***
***આત્મિકતાને આરાધીયે.***
***જીવ સર્વેને સન્માનીએ,***
***તો શાંતિને પામીએ."***

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar